(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં છે? તે લખો. (૩)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. પ્રાયશ્ચિતની | **પાયચ્છિત્ત** | **પાંચમા આવશ્યકમાં** |
| ૨. સૂક્ષ્મપણે | **સુહુમેહિં** | **સામાયિકના ચોથા પાઠમાં** |
| ૩. સચેત રજ યુક્ત વસ્તુને સ્પર્શવાથી | **સસરક્ખામોસે** | **પહેલા શ્રમણસૂત્રમાં** |

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ઉસ્સુત્તો | **સૂત્ર વિરુદ્ધ કર્યું હોય** | ૨. મજ્જણ વિહિં | **નાહવાના પાણીની મર્યાદા** |
| ૩. ન સોહિયં | **શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય** | ૪. અહોકાયં | **(આપના) ચરણોને** |
| ૫. વેરમણં | **નિવર્તું છું** | ૬. અકરણયાએ | **નહિ કરવા વડે** |

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૯)**

૧. ભગવાનના કેટલા અને કયા કયા ભેદ છે? તેનો સમાવેશ નમસ્કાર સૂત્રના કયા પદમાં થાય છે? (૨×૨)

**જ. બે ભેદ – (૧) દેહધારી ભગવાન અરિહંત, તીર્થંકર – નમસ્કાર સૂત્રના પહેલા પદમાં.**
**(૨) દેહરહિત (દેહ છોડી દીધેલા ) ભગવાન સિદ્ધ – નમસ્કાર સૂત્રના બીજા પદમાં.**

૨. અકલ્પનીય અને અકરણીયમાં શું ફેર છે? ઈચ્છામિ ઠામિમાં મોટું પાપ કયું છે?

**જ. અકલ્પનીય – પોતે ધારેલા નિયમથી વિરુદ્ધ આચરણ કરવું તે. અકરણીય – અયોગ્ય પાપકારી આચરણ કરવું તે. ઉસ્સુત્તો – સૂત્ર વિરુદ્ધ કર્યું હોય.**

૩. એકાંત સમકિતી, સમકિતી, સૂક્ષ્મની જીવાયોનિ કેટલી? કઈ કઈ? શા માટે? (૫)

**જ. એકાત સમકિતી – 0 માત્ર અનુત્તર વિમાનના દેવો હોય અને તેની અલગ જીવાયોનિ નથી. સમકિતી – ૩૨ લાખ તે ૨ લાખ બેઈન્દ્રિય, ૨ લાખ તેઈન્દ્રિય, ૨ લાખ ચૌરેન્દ્રિય, ૪ લાખ નારકી, ૪ લાખ દેવતા, ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ૧૪ લાખ મનુષ્ય, સૂક્ષ્મ – 0. જીવાયોનિ માત્ર બાદર પર્યાપ્તા જીવોની જ બતાવી છે.**

(૫૫)

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. સંખ્યાના પ્રકાર કેટલા? તેના મુખ્ય પ્રકાર કેટલા અને કયા કયા? સંખ્યાતાના પ્રકાર સમજાવો. (૫)

**જ. ૨૧. તેના મુખ્ય ત્રણ પ્રકાર – ૧) સંખ્યાતા ૨) અસંખ્યાતા 3) અનંતા. સંખ્યાતાના 3 પ્રકાર – ૧) જઘન્ય સંખ્યાતા – માત્ર બેની સંખ્યા. ૨) મધ્યમ સંખ્યાતા – 3, ૪, ૫ થી ઉત્કૃષ્ટ સંખ્યાતાથી ૧ ન્યૂન. 3) ઉત્કૃષ્ટ સંખ્યાતા – જઘન્ય પરિત્ત અસંખ્યાતા કરતા એક સંખ્યા ન્યૂન.**

૨. બધા દાણા ભેગા કરવા પર કઈ સંખ્યા મળે? (૧×૧૦)

**જ. જઘન્ય પરિત્ત અસંખ્યાતા.**

૩. એક દાણો મહાશલાકા પાલામાં હોય ત્યારે અનવસ્થિત અને પ્રતિશલાકા પાલા કેવો હોય?

**જ. અનવસ્થિત ભરેલો અને પ્રતિશલાકા ખાલી.**

૪. કયા પાલાનું માપ બદલાતું રહે છે? તેની ઊંડાઈ કેટલી?

**જ. અનવસ્થિત. ૧૦૦૮ ૧/૨ યોજન.**

૫. પહેલીવાર શલાકા પાલો ભરાઈ ત્યારે પ્રતિશલાકા અને મહાશલાકા પાલો કેવો હોય?

**જ. બંને પાલા ખાલી.**

૬. ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત કોને કહેવાય?

**જ. જઘન્ય અસંખ્ય અસંખ્યાની સંખ્યામાંથી ૧ સંખ્યા ન્યૂન.**

૭. ઉત્કૃષ્ટ અનંત અનંત કેવી રીતે મળે?

**જ. ઉત્કૃષ્ટ અનંત અનંતની રાશિ નથી.**

૮. પાણીના એક ટીપામાં કેટલા જીવો છે? કેટલા જંબૂદ્વીપ ભરાય તો પણ સમાઈ નહીં?

**જ. અસંખ્યાતા, સંખ્યાતા.**

૯. એક વખતની ક્ષણિક ક્ષમા શું અપાવી શકે છે?

**જ. અસંખ્યકાળની શાતા.**

૧૦. ડાલાપાલાનું વાસ્તવિક સ્વરૂપ શેનું સત્ય સ્વરૂપ સમજાવે છે?

**જ. સમજણ, સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા કાળનું સત્ય સ્વરૂપ.**

૧૧. ૧૦૦૮ ૧/૨ યોજન ઊંડાઈ કેવી રીતે થાય છે?

**જ. ઊંડાઈ ૧000 યોજન + ૮ યોજનની જગતિ + ૧/૨ યોજનની વેદિકા.**

**(આ) પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વર્તમાને આપણો જીવ કેટલી અને કઈ કઈ વર્ગણા ગ્રહણ કરે છે? (૨×૩)

**જ. ૬, ઔદારિક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન, કાર્મણ.**

૨. શ્રોત્રેન્દ્રિય સંબંધી શું વિચાર કરવો જોઈએ?

**જ. જે શબ્દ સંગીતના સાંભળીએ છીએ તે જ પુદ્ગલ અપમાનરૂપે અનંતીવાર સાંભળેલા છે, જે અપમાનના શબ્દો સાંભળીને ગુસ્સો કરીએ છીએ તે જ પુદ્ગલને પ્રશંસારૂપે અનંતીવાર સાંભળીને ખુશ થયા છીએ અને કર્મ બાંધ્યા છે. આજે એ જ શબ્દ સાંભળીને ગુસ્સો કરીને કર્મ બાંધે છે.**

૩. વચન, તૈજસ, મન અને વૈક્રિય પુદ્ગલ પરાવર્તનના સર્વ જીવ અપેક્ષા અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા વૈક્રિય પુદ્ગલ પરાવર્તન, તેથી વચન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી મન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી તૈજસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા.**

૪. સ્વાદિષ્ટ પુદ્ગલનું શું બનવાનું છે? પુદ્ગલ પરાવર્તન શું કહે છે? (૧×૪)

**જ. વિષ્ટા, પર પુદ્ગલથી ખસ અને સ્વમાં વસ.**

૫. એક પુદ્ગલ પરાવર્તમાનમાં કેટલો કાળ જાય છે?

**જ. અનંત અનંત કાળચક્ર.**

૬. અવસર્પિણીના સમયને ક્રમથી સ્પર્શે તેને શું કહેવાય?

**જ. સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્તન.**

૭. સર્વ જીવો કેટલા પુદ્ગલ પરાવર્તન કરે? તેના પ્રશ્નો કેટલા?

**જ. સાત પુદ્ગલ પરાવર્તન અનંત અનંત કર્યા. ૧૯૮.**

**(૨) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરશે? (૫)**

| | **ભૂતકાળમાં** | **ભવિષ્યકાળમાં** |
|---|---|---|
| ૧. પૃથ્વીકાયના જીવે મનપણે | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૨. મઘાના જીવે નાગકુમારપણે વૈક્રિય | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૩. હાથીના જીવે દેવપણે તૈજસ | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૪. સર્વાર્થસિદ્ધના જીવે જુગલિયાપણે શ્વાસોચ્છ્વાસ | **અનંત** | **જુગલિયા થાય નહિ** |
| ૫. મનુષ્યના જીવે ભાષાપણે | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |

**(ઇ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જવાબ લખો. (૧૩)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આયુષ્ય બંધ ક્યારે? નેમપ્રભ સ્વામી, ચક્રવર્તી, કીડી, સોપક્રમી ઈન્દ્રનીલ, નિરૂપક્રમી જુગલિયા (૩×૩)

**જ. નેમપ્રભ સ્વામી – આયુષ્ય ન બાંધે, ચરમ શરીરી છે.**

**ચક્રવર્તી – આયુષ્યના ૬ મહિના બાકી રહે ત્યારે**

**કીડી – નિરૂપક્રમી આયુષ્ય હોય તો આયુષ્યના ત્રીજા ભાગે. સોપક્રમી આયુષ્ય હોય તો આયુષ્યના ત્રીજા ભાગે, તેના ત્રીજા ભાગે, તેના ત્રીજા ભાગે, છેલ્લે અંતમુહૂર્ત બાકી રહે ત્યારે.**

**સોપક્રમી ઈન્દ્રનીલ – આયુષ્યના ત્રીજા ભાગે, તેના ત્રીજા ભાગે, તેના ત્રીજા ભાગે, છેલ્લે અંતમુહૂર્ત બાકી રહે ત્યારે.**

**નિરૂપક્રમી જુગલિયા – આયુષ્યના ૬ મહિના બાકી રહે ત્યારે**

૨. આયુષ્યના ૩૦૦ ભાંગા કેવી રીતે થાય?

**જ. જાતિ નામ, ગતિ, સ્થિતિ, અવગાહના, પ્રદેશ અને અનુભાવ આ છ બોલનો બંધ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એકેક જીવ કરે. તેથી ૨૫×૬ = ૧૫૦. તેવી રીતે આ છ બોલનો બંધ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના ઘણા જીવ કરે. તેથી ૨૫×૬ = ૧૫૦. ૧૫૦+૧૫૦ = ૩૦૦.**

૩. કયા જીવો નિરંતર ઉપજે? કેટલા ઉપજે? એકાંત સોપક્રમી અને એકાંત નિરૂપક્રમી આયુષ્યના દંડક કયા?

**જ. પાંચ સ્થાવરમાં. ચાર સ્થાવરમાં સમયે સમયે અસંખ્યાતા જીવો ઉપજે અને વનસ્પતિમાં સમયે સમયે અનંતા જીવો ઉપજે. એકાંત સોપક્રમીના દંડક એકપણ નથી. એકાંત નિરૂપક્રમીના દંડક ૧૪ તે ૧૩ દેવતા અને ૧ નારકી.**

૪. ૯૯ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે કરે? (૨×૨)

**જ. ૬૬ વર્ષે, ૮૮ વર્ષે, ૯૫ વર્ષ ૪ મહિને, ૯૭ વર્ષ ૫ મહિના ૧૦ દિવસે આમ કરતા કરતા આયુષ્યનો બંધ ત્રીજા ભાગે ન પડે તો છેલ્લા અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

૫. કયું આયુષ્ય હોય? ગુલાબનું ફૂલ, અપઈટ્ઠાણ, અસુરકુમાર, મનુષ્યની લીંટ

**જ. ગુલાબનું ફૂલ – સોપક્રમી, નિરૂપક્રમી　　　અપઈટ્ઠાણ – નિરૂપક્રમી**

**અસુરકુમાર – નિરૂપક્રમી　　　મનુષ્યની લીંટ – સોપક્રમી, નિરૂપક્રમી**

**(ઈ) વિરહપદના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. આણત, છેદોપસ્થાપનીય, છાણમાં ઉત્પન્ન થતો જીવ અને અસંજ્ઞી કાગડાનો જ. – ઉ. વિરહ લખો. (૪)

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| જ. આણત | ૧ સમય | સંખ્યાતા મહિના |
| છેદોપસ્થાનીય | ૬૩૦૦૦ વર્ષ ઝાઝેરો | દેશે ઊણા ૧૮ ક્રો.ક્રો. સાગરોપમ |
| છાણમાં ઉત્પન્ન થતો જીવ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| અસંજ્ઞી કાગડો | ૧ સમય | અંતર્મુહૂર્ત |

૨. ઉત્કૃષ્ટ દેશે ઊણા ૧૮ ક્રો.ક્રો. સાગર અને ૧૨ મુહૂર્તનો વિરહ કોનો છે? (૫)

**જ. ઉત્કૃષ્ટ દેશે ઊણા ૧૮ ક્રો.ક્રો. સાગર – ભરત, ઈરવતમાં તીર્થંકર, ચાર તીર્થ, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ ચારિત્ર. ૧૨ મુહૂર્ત – સમુચ્ચય નરક ગતિ, સમુચ્ચય તિર્યંચ ગતિ, સમુચ્ચય મનુષ્ય ગતિ, સમુચ્ચય દેવ ગતિ, તિર્યંચ ગર્ભજ, મનુષ્ય ગર્ભજ.**

૩. કેટલી અને કઈ ગતિમાંથી જીવ નરકમાં જાય છે? શા માટે? અનંતા જીવો શેમાં છે? (૨)

**જ. બે ગતિમાંથી – મનુષ્ય, તિર્યંચ. ભયંકર દુ:ખને ભોગવવા માટે અને પાપ કરે છે તેના માટે. વનસ્પતિમાં.**

૪. શેમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે અને શેમાં ઉત્પન્ન તથા નથી? (૧)

**જ. મનુષ્યની અશુચિમાં. પરસેવા, થૂંકમાં.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વસ્તુ બગડી જાય તો શું ન વિચારાય? (કોઈપણ ચાર મુદ્દા)

**જ. ૧) કામમાં ધ્યાન હોય જ નહિ પછી વસ્તુ બગડે ને જ ! ૨) તેને વસ્તુની કાંઈ કિંમત જ નથી. ૩) માણસને કાંઈ વસ્તુ દેવાય જ નહિ તોડીને જ આવે છે. ૪) વસ્તુ કાંઈ મફતમાં નથી આવતી. ૫) આમ ધ્યાન ન રાખે અને બગાડી નાંખે તો ન ચાલે. ૬) તેના બધા કામ આવા જ હોય છે તેનામાં આવડત જ નથી. ૭) તેની પાસે**

**વસૂલ કરીએ તો જ એને ખબર પડે.**

૨. વચનના ઘડતર માટે મારી સાધના શું છે? કષાયનું નિયંત્રણ કેવી રીતે થાય છે?

**જ. અભાષક ગુણ : આત્માનો મૂળ સ્વભાવ અભાષક છે. સિદ્ધ ભગવાન અભાષક છે. આ સ્વભાવને પ્રાપ્ત કરવો એ જ મારી સાધના છે. અવાજ નીચો રાખી બોલવાથી કષાયનું નિયંત્રણ થાય છે.**

૩. જીવ જીવનનું ઘડતર કરે અને જીવન ઘડતર ન કરે તો શું થાય? શા માટે?

**જ. જીવ જીવનનું ઘડતર કરે તો પરમાત્માની જેમ પૂજાય અને જીવન ઘડતર ન કરે તો પોતે જ પથ્થર બની જાય અથવા ધૂળ બની જાય કારણ કે સંયોગો અને શરીરનું ઘડતર કરવાવાળો પોતાનું જ ઘડતર કરતો નથી.**

૪. મનોવૃત્તિ શેનો વિચાર કરતી નથી? મન કોને મળ્યું નથી? મનના ઘડતરમાં શેનો વિચાર કરવો એ સ્વાર્થ છે?

**જ. અન્યના સુખ–દુ:ખનો. અનંતા એકેન્દ્રિય, અસંખ્યાતા વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને. માત્ર પોતાના સુખનો વિચાર કરવો.**

૫. કાયાનું ઘડતર શા માટે કરવું જોઈએ?

**જ. સુખશીલતાને છોડવા માટે, સહનશીલ બનવા માટે, તન – ચેતનને જુદા જાણી, દેહ – આત્માને અલગ અનુભવી, દેહના મમત્વના બંધનો છોડવા માટે કાયાનું ઘડતર કરવું જોઈએ.**

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે થી ત્રણ લીટીમાં લખો.**

૧. ઉદાયન રાજા કોણ હતા?

**જ. કૌશંબી નગરીમાં સહસ્રાનીક રાજાના પૌત્ર, શતાનીક રાજાના પુત્ર, ચેટક રાજાના દોહિત્ર, મૃગાવતી રાણીના આત્મજ, જયંતિ શ્રમણોપાસિકાના ભત્રીજા હતા.**

૨. પોટ્ટિલાએ સાધ્વીજીને શું કહ્યું?

**જ. પહેલા હું મારા પતિને ઈષ્ટ, કાંત વગેરે હતી, પરંતુ હવે અનિષ્ટ, અપ્રિય થઈ ગઈ છું. તમે ગામોગામ ફરો છો, જાણકાર અને ભણેલા છો તો મને કોઈ ઔષધ વગેરે આપો જેથી હું તેતલીપુત્રને પાછી ઈષ્ટ, પ્રિય બનું.**

૩. તામલી તાપસે સંલેખણા તપ કેવી રીતે કર્યું? કયા તપનો સ્વીકાર કર્યો? કેટલો સમય ચાલ્યું?

**જ. તામ્રલિપતિ નગરીના પૂર્વ દિશા ભાગમાં નિવર્તનિક મંડળ અર્થાત્ ૪૦ ધનુષ પ્રમાણ મંડળ આકારે ક્ષેત્ર મર્યાદા રાખી, આહાર–પાણીનો ત્યાગ કરી સંલેખણા તપ કર્યું. પાદોપગમન સંથારો. બે માસ.**

૪. ઈશાનેન્દ્ર બલિચંચાના દેવો પર કેમ કોપિત થયા? (૩ થી ૪ લીટીમાં)

**જ. તામલી તાપસ કાળ કર્યા પછી બલિચંચાના દેવોએ બાલતપસ્વીના મૃત શરીર પાસે આવી ડાબા પગને દોરીથી બાંધી, તેના મુખ પર ત્રણવાર થૂંકી આખી નગરીના સર્વ માર્ગ પર ઢસડવા લાગ્યા. આમ, મડદાની હિલના, નિંદા, તર્જના, તાડના કરવા લાગ્યા. પોતાની ઈચ્છા અનુસાર મૃતદેહને ઢસડી એકાંતમાં ફેંકી દીધો. તામલી બાલ તપસ્વીના મૃત શરીર સાથે કરેલ આવા કૃત્યનો અહેવાલ ઈશાનેન્દ્રને મળતા કોપિત થયા.**

૫. તેતલીપુત્રએ કેવળજ્ઞાન ક્યાં અને કેવી રીતે પ્રાપ્ત કર્યું?

**જ. પ્રમોદવન ઉદ્યાનમાં અશોકવૃક્ષની નીચે, શુભ પરિણામથી, કર્મોના ક્ષયોપશમથી કર્મને નાશ કરનારા અપૂર્વકરણમાં પ્રવેશ કરીને, ક્ષપક શ્રેણીનો પ્રારંભ કરીને, ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.**

**(૧૦)**

**પ્ર.૫ નીચેના જવાબ કાવ્યના આધારે લખો.**

૧. ૮૪ લાખ શબ્દ આવતો હોય તે દર્શાવતી કડી લખો. **પાના નં. ૧૦૯ કડી ૨/૫** **(૪)**

૨. ખેડૂત, જાર, હાથીથી શરૂ થતી કડી પૂર્ણ કરો. **(૬)**

**ખેડૂત – પાના નં. ૧૧૦ કડી ૧૭ જાર – પાના નં. ૧૧૧ કડી ૨૬ હાથી – પાના નં. ૧૧૨ કડી ૩૬**

**જય જિનેન્દ્ર**